# સ્વાવલંબનની પ્રેરણામૂર્તિ

જીવનધોરણના વિકાસ માટે વીતરાગવાણી અને તેમાં રહેલ સત્વમય મધુર રસનું પાન અત્યંત જરૂરી છે. ભ્રમરો ફૂલના પમરાટને પામી તે બાજુ જઈ પરાગનું પાન કરે છે. તેનો જે રસ છે તેમાં મશગુલ બની જાય છે. કારણ એ જ કે તે પોતે સત્ત્વ અને તત્ત્વનો ગ્રાહક છે. તેવી જ રીતે ભવ્ય જીવો વીતરાગ વાણીમાં રહેલ અમૃતરસનું પાન કરતા રહે છે અને સ્વ-સાધનામાં આગળ પગલા માંડતા હોય છે.

વીતરાગના શાસનમાં એક મહાન તત્ત્વ રહેલ છે અને તે પ્રાણિમાત્રને સર્વાધિકારની પ્રાપ્તિ અર્થાત્ પ્રત્યેક જીવાત્મા દરેક સ્થાન પર જવા માટે શકિતવંત છે પરંતુ તેમાં જોઈએ આલંબનને પકડી સ્વાવલંબી બનવાની ચેષ્ટા, અને આત્મોન્નતિના શિખરે પહોંચવાની ઉત્કૃષ્ટ અભિલાષા.

જ્યાં સુધી સ્વાવલંબી બનવાની આત્મપ્રેરણા નથી જાગતી અને પરાવલંબી રહી સ્વ-શકિતને દબાવી રાખવાની વિચારસરણી બની રહે છે ત્યાં સુધી જીવનધોરણનો પ્રગતિક્રમ અટકેલો જ રહે છે. જૈન સિદ્ધાંતમાં ઉન્નતિની આધારશીલા "સ્વાવલંબન" ને બતાવાઈ છે.

ઈષ્ટનું આલંબન સ્વાવલંબન-પ્રાપ્તિમાં અભૂતપૂર્વ સાથ આપે છે. માનવજીવનની મહત્તાના દર્શન કરતાં અને તેની ઉત્કૃષ્ટતાનું અવલોકન કરતાં સહેજે જણાઈ આવે છે કે આટલા મોંઘા નરભવને સાર્થક કરવા માટે સ્વાવલંબી બન્યા વગર ચાલી શકે જ નહિ.

છતાં આજ વહેમ, અંધશ્રદ્ધા અને આશાતૃષ્ણાની ભૂતાવળો વધી રહી છે. સ્વાવલંબનના પ્રથમ પગથિયાને ભૂલીને મહેલ ઉપર ચડવાના સોણલા સેવાઈ રહ્યાં છે. વીતરાગના ઉપાસકો પણ એ વાતને વિસરી રહ્યા છે કે એક વખત પણ ભાવપૂર્વક 'નમો અરિહંતાણં' પદને બોલનારો નિર્ભીક બની શકે છે. કોઈ પણ વિઘ્ન એના કાર્યને રોકવા સમર્થ નથી એ પદની શકિત સ્વાવલંબી બનાવે છે અને પછી તો એની શકિતને આંબવાની કોઈની તાકાત નથી રહેતી.

જૈન દર્શનમાં (સિદ્ધાંતમાં) દર્શાવેલ એવા સ્વાવલંબનના પ્રખર હિમાયતી વીશમી સદીમાં જૈનાચાર્યવર્ય શ્રીમદ્‌વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ થયા. જેમણે આગમોનું ગહન રીતિએ અધ્યયન, મનન અને ચિંતન કર્યું. દ્રવ્ય, ભાવનું વિષદ વિશ્લેષણ કર્યું, વીતરાગ દેવની આજ્ઞા અને ઉપદેશનું સાર્થક સ્વરૂપ સમજાવ્યું. તેમણે ભગવતી વીતરાગ વાણીની સાક્ષીએ કહ્યું કે બાહ્ય અને અભ્યંતરમાં ભેદ છે, રોગનિવારણ માટે ઔષધિઓ છે; પરંતુ તેમની સેવનની વિધિઓ જુદી જુદી છે. દરેક જગ્યાએ એક જ ક્રિયા અને વિધિથી કામ લેતાં ઔષધિનું મહત્ત્વ ઘટશે. રોગ ન ઘટીને ઉલ્ટો વધશે એમાં સંશય નથી.

વિધિને અનુષ્ઠાન પણ કહે છે, તેમણે કહ્યું આત્મતત્ત્વને સંલક્ષીને કરાવાતી ક્રિયા વિધિ યા અનુષ્ઠાન, આત્માનુષ્ઠાન છે, ભાવાનુષ્ઠાન છે. એ અનુષ્ઠાનો કરતી વખતે આત્મશકિતનો તાગ નિકળવાનો છે, આત્મનિર્મળતાનો અને નિર્ભયતાનો પરિચય આપવાનો છે. આત્મિક સુખની અનુભુતિ કરવાની છે.

સામાયિક જેમાં સમભાવની પ્રાપ્તિ અને વિષમ ભાવોનો નિકાલ કરવાનો છે. પ્રતિક્રમણ જેમાં ભૂલ્યા ત્યાંથી ફરી ગણીને પાછા પ્રશસ્ત પથ પર પ્રચલન કરવાનું બતાવ્યું છે. આ ક્રિયાઓ કે ભાવ અનુષ્ઠાનો આત્માથી સંબંધ રાખનારા છે અને એટલે જ તે કરતી વખતે કોઈ પણ જાતની ન્યૂનતા કે હીનતા બતાવવાની જરૂર નથી. એક તરફ સર્વ–મિત્રતાના ભાવ અને બીજી બાજુ શત્રુ નાશ થાઓના ક્ષુદ્ર વિચારો સમભાવની ક્રિયામાં બેસીને કરવા એ વીતરાગના ઉપાસકો માટે લજ્જાસ્પદ કહેવાય. એટલા માટે સ્વશકિતની ઓળખાણ કરાવી વર્ધમાનના માર્ગે આગળ વધવાની પ્રબળ પ્રેરણા આપવા માટે એ પ્રેરણા મૂર્તિનું અવતરણ થયું હતું. જેમણે વીતરાગ–વાણીના સંદોહનમાંથી દોહન કરી ભ્રમિત માનસને સ્થીર થવા ઉપદેશ આપ્યો.

"લકીર કે ફકીર' બનવું એમને બિલકુલ પસંદ હતું જ નહિ. અને એટલે જ એમણે સુપ્ત માનવ મહેરામણને જાગૃત કરવા અને માનવજીવનનું મૂલ્યાંકન સમજાવવા અપ્રતિબદ્ધ વિહાર પણ કરેલ. અનેક કષ્ટો સહ્યા અને મહાવીરના ઉપદેશનો ખૂબ દઢતાથી પ્રચાર કરેલ.

☆ ☆ ☆



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org